205-206, Aadarsh Plaza,
Opp.Gujarat Gas Office,
Near Raiya Telephone Ex.,
150 Feet Ring Road.
Rajkot - 360 005

**Mobile : 94272 62427 / 90999 64269**

e: argodhani.advocate@gmail.com

**Amit R. Godhani**
Advocate ( Gujarat High court )

(ગુજરાત બાર કાઉન્સીલ એનરોલમેન્ટ નં. જી/૧૨૫૫/૨૦૦૮)

**:: <u>ટાઈટલ રીપોર્ટ</u> ::**

**પ્રતી,**
**મે. નંદ ઈન્ફ્રા ભાગીદારી પેઢી,**
ઠે. ૭૧૬–૭૧૭, નક્ષત્ર–૮, સાધુવાસવાણી રોડ,
સન સીટીની એપાર્ટમેન્ટ સામે,
રાજકોટ

**<u>બાબત :–</u> <u>સ્થાવર મિલ્કતના ટાઈટલ સંબધે અભિપ્રાય</u>**

મહોદયશ્રી,

આપના તરફથી મે. નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર તથા અધિકૃત વહિવટકર્તા દરજજે **શ્રી નિલેશભાઈ મગનભાઈ ઝાલાવડીયા,** હિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો : વેપાર, ઠે. ૭૧૬–૭૧૭, નક્ષત્ર–૮, સાધુવાસવાણી રોડ, સન સીટીની એપાર્ટમેન્ટ સામે, રાજકોટના નામની મિલ્કતના ટાઈટલ ડીડઝની ફાઈલ અમોને અમારા અભિપ્રાય અર્થે મોકલવામાં આવેલ છે, જે ફાઈલમાં શામેલ દસ્તાવેજો તપાસતા સદરહું મિલ્કત સંબંધિનો અમારો અભિપ્રાય નીચે મુજબ આપવામાં આવે છે.

**<u>સ્થાવર મિલ્કતનું વર્ણન:–</u>**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજેગામ રૈયાના રેવન્યુ **સર્વે નં. ૬૩/૨ ટી.પી. નં.૪ ફા.પ્લોટ નં.૭૭૩ પૈકી ૧**ની જમીન ચો.મી.આ. ૨૯૫૯–૦૦ ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરી વાળા જમીનના પ્લોટ નં. ૧ ની જમીન **ચો.મી.આ.૨૬૬૩–૧૦** તથા તેને લાગુ કોમન પ્લોટની જમીન ચો.મી.આ.૨૯૫–૯૦ ના બીનખેતી હુકમમાં જણાવેલ શરતો મુજબ મળવાપાત્ર હકકો તથા અધિકારો સહિતની જમીન ઉપર બાંધવામાં આવેલ **'નંદ બસેરા'** તરીકે ઓળખાતી લોરાઈઝ બહુમાળી ઈમારત અંગે.

સદરહુ મિલ્કતની ચર્તુસીમા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ઉતરે | : | માર્જીન બાદ લાગુ એફ.પી. નં. ૭૭૪ ની મિલ્કત આવેલ છે. |
| દક્ષીણે | : | માર્જીન બાદ ૯–૦૦ મી. નો ટી.પી.નો રોડ આવેલ છે. |
| પૂર્વે | : | માર્જીન બાદ લાગુ એફ.પી. નં. ૭૭૨ ની મિલ્કત આવેલ છે. |
| પશ્ચિમે | : | માર્જીન બાદ લાગુ એફ.પી. નં. ૭૭૪ ની મિલ્કત આવેલ છે. |

A. R. GODHANI ADVOCATE

**<u>ટાઈટલ ડીડઝ :–</u>**

/૧/ સબ–રજી. કચેરીમાં ૩૦ (ત્રીસ) વર્ષનું સર્ચ કર્યા અંગેની પહોંચ નં. ૨૦૨૧૦૨૨૦૧૦૦૬૩,તા.૦૭/૦૫/૨૦૨૧ તથા પહોંચ નં. ૨૦૨૧૦૨૫૦૦૮૩૬૯, તા.૦૬/૦૫/૨૦૨૧ ની નકલ.

/૨/ રાજકોટ મ્યુની. કોર્પોરેશનના બાંધકામ પરવાનગી નં. ૨૧, તા.૨૭/૦૪/૨૦૨૧, આરંભ પ્રમાણપત્ર તથા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાનની નકલ.

/૩/ મે. નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામનુ ગામ નમુના નં.૨ ની નકલ.

/૪/ અનુક્રમ નં.૨૪૪૨, તા.૧૫/૦૩/૨૦૨૧ થી મે. નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી ભીખાભાઈ મેઘાભાઈ વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

/૫/ અનુક્રમ નં.૧૪૦૬, તા.૧૭/૦૨/૨૦૨૧ થી મે. નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજની નકલ તથા રજી. ઓફ ફર્મની નકલ.

/૬/ જીલ્લા કલેકટર સાહેબ, રાજકોટના હુકમ નં. ૬૩૫/૦૯/૧૭/૦૯૫/૨૦૧૯, તા. ૧૯/૦૯/૨૦૧૯ ના રોજથી મેળવેલ બીનખેતી હુકમ તથા સનદના દાખલાની નકલ.

/૭/ રાજકોટ મ્યુની. કોર્પોરેશનના વર્ગીકરણ નં.૪૩, તા.૦૯/૦૮/૨૦૧૯ ના રોજ મંજુર થયેલ લે–આઉટ પ્લાન તથા પરવાનગીની નકલ.

/૮/ પ્રમોલગેશનથી ઉતરોતર તમામ નોંધની નકલ.

/૯/ આજ દિન સુધીની લીજ ભર્યા અંગેની પહોંચની નકલ.

/૧૦/ ટી.પી. સ્કેચ તથા પુનઃ વહેચણી પત્રક (ફોર્મ એફ) ની નકલ.

/૧૧/ પાર્ટ પ્લાન તથા ઝોન સર્ટીની નકલ.

/૧૨/ હિસ્સા ફોર્મ નં.૪ તથા ખેતી માપણી શીટના દાખલાની નકલ.

/૧૩/ ટીપ્પણની નકલ.

/૧૪/ રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ તથા રાજકોટ મ્યુની. કોર્પોરેશનમાં પૈસા ભર્યા અંગેની પહોંચની નકલ.

ઉપરોકત ટાઈટલ ડીડઝ તપાસતા જણાય છે કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રૈયા ગામના ખાતેદાર શ્રી અજાભાઈ રામજીભાઈના નામે કેસ નં. ૫૭૨, તા. ૦૧/૦૮/૧૯૫૪ થી કબજા હકક મળેલ જે અંગે નોંધ નં.૧૪, તા.૦૧/૦૮/૧૯૫૪ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ રૈયા ગામના મજમુ ખાતેદાર શ્રી પોલાભાઈ અજાભાઈ, મેઘાભાઈ અજાભાઈ તથા ચકુભાઈ અજાભાઈની મજમુ ખાતાની ખેતીની જમીન તેમણે ઘરમેળે સમજુતી કરી જુદા જુદા નામે ચડાવવા અરજી કરતા નોંધ નં.૧૩૮, તા.૦૧/૧૧/૧૯૬૦ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ નવી માપણી મુજબ શ્રી પટેલ મેઘાભાઈ અજાભાઈએ તેમના ખાતાની જમીનના આંકડા સર્વે ખાતેથી તૈયાર થઈ આવતા માપણી રજીસ્ટરે લખ્યા મુજબ સર્વે નંબર વાર એન્ટ્રી પાડી, જે અંગે નોંધ નં.૪૧૬, તા.૨૧/૦૯/૧૯૬૨ થી દાખલ કરવામાં આવેલ છે.

..૩..

A. R. GODHANI
ADVOCATE

ત્યારબાદ રેયા ગામના ખાતેદાર શ્રી પટેલ મેઘાભાઈ અજાભાઈ તા. ૦૨/૧૦/૧૯૯૪ ના રોજ અવસાન પામતા તેના ખેડુત ખાતા નં. ૫૨ માં આવેલ જમીન તેમના વારસદાર શ્રી મણીબેન મેઘાભાઈ વિગેરે –૧૦ ના નામ દાખલ કરવામાં આવેલ, જે અંગે નોંધ નં.૪૪૪૦, તા.૨૬/૦૫/૧૯૯૪ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ રૈયા ગામના ખાતેદાર શ્રી મણીબેન મેઘાભાઈ વિગેરે –૧૦ ના નામે ખેતી ખાતા નં.૭૩ થી સંયુકત સર્વે નંબરોથી સંયુકત ખાતે ચાલે છે. તેમાંથી શ્રી મણીબેન મેઘાભાઈ વિગેરે –૭ સહહિસ્સેદારોએ પોતાની રાજીખુશીથી આ ખાતાની જમીનમાંથી તેમનો હકક હિસ્સો ઉઠાવી લેવા અરજી તથા સોગંદનામાના આધારે નોંધ દાખલ કરવામાં આવેલ છે. જે અંગે નોંધ નં.૬૯૭૬, તા.૨૨/૧૧/૨૦૦૬ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ રૈયા ગામના ખાતેદાર શ્રી ભીખાભાઈ મેઘાભાઈ વિગરે–૩ ના નામે ખેતી ખાતા નં.૭૩ થી સર્વે નં. ૬૩/૨ ની જમીન હેકટર આરે ૦–૩૯–૪૬ ચો.મી. તથા સર્વે નં. ૬૪/૧ ની જમીન હેકટર આરે ૦–૫૬–૬૬ ચો.મી. તથા સર્વે નં. ૬૫/૨ ની જમીન હેકટર આરે ૦–૩૧–૩૬ ચો.મી. તથા સર્વે નં. ૬૬/૩ ની જમીન હેકટર આરે ૦–૫૦–૫૯ ચો.મી. (કુલ જમીન હે.આરે. ૧–૭૮–૦૭ ચો.મી.) વાળુ સંયુકત ખાતુ ચાલે છે. તેમાંથી તેમના સહહિસ્સેદાર શ્રી પ્રભાબેન મેઘાભાઈએ પોતાની રાજીખુશીથી આ ખાતાની જમીનમાંથી તેમનો હકક હિસ્સો ઉઠાવી લેવા અરજી તથા સોગંદનામાના આધારે નોંધ દાખલ કરવામાં આવેલ, જે અંગે નોંધ નં.૧૧૦૬૬, તા.૨૭/૦૭/૨૦૧૨ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ રૈયા ગામના રેવન્યુ રેકર્ડ ખાતા નંબર – ૭૩ ના ખાતેદાર ખેડુત શ્રી ભીખાભાઈ મેઘાભાઈ તથા શ્રી હસુભાઈ મેઘાભાઈના રેવન્યુ સર્વે નં.૬૩/૨ ની જમીન હે.આરે. ૦–૩૯–૪૬ માં ટી.પી.સ્કીમ નં.૪(રૈયા) લાગુ થતા, જેના ફાઈનલ પ્લોટ નં. ૭૭૩ થી જમીન ચો.મી.આ.૨૯૫૯–૦૦ ફાળવવામાં આવેલ છે. જે અંગે રૈયા ગામના હકકપત્રકના નોંધ નં.૧૧૩૧૧, તા.૦૭/૧૦/૨૦૧૩ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ રૈયા ગામના રેવન્યુ રેકર્ડ ખાતા નંબર – ૭૩ ના ખાતેદાર ખેડુત શ્રી ભીખાભાઈ મેઘાભાઈ તથા શ્રી હસુભાઈ મેઘાભાઈએ ઘરમેળેની સમજુતીથી પોતાની રાજીખુશીથી ભાયુભાગે વહેંચણી કરતા સદરહુ ઉપરોકત રેવન્યુ સર્વે નં.૬૩/૨ ની જમીન ચો.મી.આ.૨૯૫૯–૦૦ જે શ્રી ભીખાભાઈ મેઘાભાઈના ભાગે આવતા નોંધ દાખલ કરવામાં આવેલ, જે અંગે રૈયા ગામના હકકપત્રકના નોંધ નં.૧૧૩૧૩, તા.૦૭/૧૦/૨૦૧૩ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ રૈયા ગામના ખાતેદાર ખેડુત શ્રી ભીખાભાઈ મેઘાભાઈ ના નામે ખેડ ખાતા નંબર – ૧૨૮ થી રેવન્યુ સર્વે નં. ૬૩/૨ ટી.પી. નં.૪ ફા.પ્લોટ નં.૭૭૩ પૈકી ૧ની જમીન ચો.મી.આ. ૨૯૫૯–૦૦ તથા રેવન્યુ સર્વે નં. ૬૩/૩ ટી.પી. નં.૪ ફા.પ્લોટ નં.૭૭૪ પૈકી ૧ની જમીન ચો.મી.આ. ૩૭૯૨–૦૦ વાળી જમીન તેઓએ પોતાની હૈયાતીમાં તેમના સીધીલીટીના વારસદારો શ્રીમતિ શાંતાબેન ભીખાભાઈ વિરડીયા વિગેરે–૫ વ્યકિતઓ વચ્ચે હૈયાતીમાં વહેંચણી કરેલ, જે અંગે રૈયા ગામના હકકપત્રકના નોંધ નં.૧૧૩૯૩, તા.૦૧/૦૩/૨૦૧૪ થી પ્રમાણીત થયેલ છે.

A. R. GODHANI ADVOCATE

..૪..

ત્યારબાદ રૈયા–૧ ગામ મામલતદાર કચેરી રાજકોટ શહેર(પશ્ચિમ)ના ઈ–ધરામાં કોમ્પ્યુટરાઈઝડ દફતરમાં દાખલ કરવા નોંધ કરવામાં આવેલ, જે અંગે રૈયા ગામના હકકપત્રકના નોંધ નં.૧૧૮૮૩, તા.૧૯/૦૨/૨૦૧૬ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ રૈયા ગામના ખાતેદાર ખેડુત શ્રી ભીખાભાઈ મેઘાભાઈ વિગેરે–૫ વ્યકિતઓના સંયુકત નામે ખાતા નંબર – ૧૨૮ થી રેવન્યુ સર્વે નં. ૬૩/૨ ટી.પી. નં.૪ ફા.પ્લોટ નં.૭૭૩ પૈકી ૧ની જમીન ચો.મી.આ. ૨૯૫૯–૦૦ તથા રેવન્યુ સર્વે નં. ૬૩/૩ ટી.પી. નં.૪ ફા.પ્લોટ નં.૭૫૪ પૈકી ૧ની જમીન ચો.મી.આ. ૩૭૯૨–૦૦ વાળી જમીનમાંથી સહ હિસ્સેદાર શ્રી અલ્પાબેન ભીખાભાઈ વિરડીયા (તે વા./ઓફ શ્રી દિપકભાઈ ખીમજીભાઈ અજાણી) એ તેઓનો પોતાનો હિસ્સો અન્ય સહ હિસ્સેદારની તરફેણમાં જતો કરતા હકક કમીની નોંધ નં. ૧૧૯૫૯, તા.૩૦/૦૭/૨૦૧૯ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ મોજેગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૬૩/૨ ટી.પી. નં.૪ ફા.પ્લોટ નં.૭૭૩ પૈકી ૧ની ખેતીની જમીન ચો.મી.૨૯૫૯–૦૦ ને રહેણાંક હેતુ માટે બીનખેડવાણ કરાવવા માટે શ્રી ભીખાભાઈ મેઘાભાઈ વિગેરેએ રાજકોટ મ્યુની. કોર્પોરેશન માંથી વર્ગીકરણ નં.૪૩, તા.૦૯/૦૮/૨૦૧૯ ના રોજથી પ્લોટ નં.૧ ની જમીન ચો.મી.આ.૨૬૬૩–૧૦ તથા કોમન પ્લોટની જમીન ચો.મી.આ.૨૯૫–૯૦ મળી કુલ જમીન ચો.મી.આ.૨૯૫૯–૦૦ નો લે–આઉટ પ્લાન મંજુર કરાવેલ છે અને મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબ સદરહુ જમીનને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૬૫ હેઠળ રાજકોટ જીલ્લા કલેકટર સાહેબની કચેરીમાં તા.૦૭/૦૮/૨૦૧૯ ના રોજ ઓનલાઈન અરજી કરતા, જીલ્લા કલેકટર સાહેબ, રાજકોટએ તેમના હુકમ નં.૬૩૫/૦૯/૧૭/૦૯૫/૨૦૧૯, તા.૧૯/૦૯/૨૦૧૯ ના રોજથી બિનખેડવાણ કરી આપેલ છે, જે અંગે રૈયા ગામના હકકપત્રકના નોંધ નં.૧૧૯૭૪, તા. ૧૯/૧૧/૨૦૧૯ થી પ્રમાણીત થયેલ છે. તથા જે અંગે રૈયા ગ્રામ પંચાયત કચેરીના ગામ નમુના નં.૨ ના નોંધ નં.૨/૮૭૯ થી શ્રી ભીખાભાઈ મેઘાભાઈ વિગેરેના સંયુકત માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાની આવેલ, જેમાં અન્ય કોઈનો લાગભાગ, હકક, હિત, હિસ્સો આવેલ નથી. એ રીતે સદરહુ બિનખેડવાણ જમીનનો હરેક પ્રકારે વેચાણ વહીવટ અને વ્યવસ્થા કરવા માટે શ્રી ભીખાભાઈ મેઘાભાઈ વિગેરેને સંપુર્ણ હકક, સતા અને અધિકાર છે.

ત્યારબાદ રૈયાના રેવન્યુ સર્વે નં. ૬૩/૨ ટી.પી. નં.૪ ફા.પ્લોટ નં.૭૭૩ પૈકી ૧ની જમીન ચો.મી.આ. ૨૯૫૯–૦૦ ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરી વાળા જમીનના પ્લોટ નં. ૧ ની જમીન ચો.મી.આ.૨૬૬૩–૧૦ તથા તેને લાગુ કોમન પ્લોટની જમીન ચો.મી.આ.૨૯૫–૯૦ ના બીનખેતી હુકમમાં જણાવેલ શરતો મુજબ મળવાપાત્ર હકકો તથા અધિકારો સહિતની જમીન ઉપર શ્રી ભીખાભાઈ મેઘાભાઈ વિગેરેએ રાજકોટ મ્યુની. કોર્પોરેશનમાં અરજી ઈન્વર્ડ નંબર ૩૬૧, તા.૦૯/૦૩/૨૦૨૧ થી અરજી ઈન્વર્ડ કરાવેલ, અને સદરહુ પ્લાન મંજુર થયે, મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ બાંધકામ કરવાના હકકો અને અધિકારો સહિતની જમીન જે મે.નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૨૪૪૨, તા.૧૫/૦૩/૨૦૨૧ થી શ્રી ભીખાભાઈ મેઘાભાઈ

A. R. GODHANI ADVOCATE

..૫..

વિગેરે પાસેથી ખરીદ કરેલ છે. જે અંગે રૈયા ગામના નમુના નં.૨ના નોંધ નં. ૨/૮૯૦ થી મે.નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢી (પ્રમોટર)ના સ્વતંત્ર કબ્જા, ભોગવટા અને માલીકીની થયેલ છે. જે ભાગીદારી પેઢીનું સબ રજીસ્ટ્રાર કચેરી, રાજકોટ–૪ના અનુક્રમ નં.૧૪૦૬, તા.૧૭/૦૨/૨૦૨૧ થી ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજનું રજીસ્ટ્રેશન કરાવેલ છે અને રજી. ઓફ ફર્મના ફોર્મ–જીના ફર્મ નં જીયુજેઆરજે૧૦૯૬૯૧ થી રજી. ઓફ ફર્મમાં નોંધણી કરાવેલ છે, ત્યારબાદ સદરહુ ભાગીદારી પેઢીમાં આજદિન સુધી કોઈપણ પ્રકારનો ફેરફાર થયેલ નથી.

તે રીતે સદરહુ જમીન ઉપર રાજકોટ મ્યુની. કોર્પોરેશનએ બાંધકામ પરવાનગી નં.૦૨૧, તા.૨૭/૦૪/૨૦૨૧ થી શ્રી ભીખાભાઈ મેઘાભાઈ વિગેરેના નામે પ્લાન મંજુર કરી આપેલ છે. જે બાંધકામ પરવાનગી સાથે મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન (પ્લાન પાસ) સહિતની જમીન ઉપર મે.નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ સદરહુ મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ લોરાઈઝ બહુમાળી ઈમારતના ટાવર– ૧ થી ૪ એમ મળી કુલ ૪(ચાર) ટાવરનું બાંધકામ ચાલુ કરેલ છે, અને જે બાંધકામ થનાર લોરાઈઝ બહુમાળી ઈમારતના સંકુલને 'નંદ બસેરા' નામ આપવામાં આવેલ છે.

તે રીતે સદરહુ 'નંદ બસેરા' ના નામની મિલકત એટલેકે ફલેટસ જે મે. નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીની માલીકીના આવેલ છે, જે ભારતીય ભાગીદારી પેઢી–૧૯૩૨ હેઠળ રજી. અનુક્રમ નં. ૧૪૦૬, તા.૧૭/૦૨/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ ભાગીદારી દસ્તાવેજનાં આધારે અધિકૃત થયેલ ભાગીદાર શ્રી નિલેશભાઈ મગનભાઈ ઝાલાવડીયાને સદરહુ મિલ્કતનો વહીવટ કરવા સતા અને અધિકાર છે.

ઉપરોકત વર્ણનવાળા ઉતરોતર ટાઈટલ ડીડઝ તપાસતા તેમજ સબ રજીસ્ટાર કચેરી, રાજકોટ માં સને ૧૯૯૨ થી ૨૦૨૧ ની સાલની ૩૦–વર્ષની સર્ચ ફી પહોંચ નં.૨૦૨૧૦૨૨૦૧૦૦૬૩, તા.૦૭/૦૫/૨૦૨૧ તથા પહોંચ નં. ૨૦૨૧૦૨૫૦૦૮૩૬૯, તા.૦૬/૦૫/૨૦૨૧ થી ભરેલ છે અને આ મિલ્કત ઉપર કોઈપણ પ્રકારનો બોજો નોંધાયેલ નથી, તેથી ઉતરોતર દસ્તાવેજોના આધારે સ્પષ્ટ માનવાને કારણ છે કે ઉપરોકત મિલ્કતની સ્વતંત્ર માલીકી મે. નંદ ઈન્ફ્રા ભાગીદારી પેઢીની આવેલ છે અને મારા સ્પષ્ટ અભીપ્રાય મુજબ સવાલ વાળી મિલ્કતના ટાઈટલ કલીયર તેમજ કોઈપણ ગીરો બોજા વગરના, વ્યાજબી શંકા રહીત, માર્કેટેબલ અને લોનેબલ છે.

રાજકોટ

તા. ૦૭/૦૫/૨૦૨૧

A. R. GODHANI ADVOCATE

અમિત આર. ગોધાણી

– એડવોકેટ

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રૈયાના રેવન્યુ સર્વે નં-63/2 ટીપી નં-4 એફ પી નં-773 પૈકી 1 પ્લોટ નં-1

Search in : RAJKOT-1/RAJKOT-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૧૦૨૨૦૧૦૦૬૩ | અરજી નંબર | ૬૯૨૧ | અરજી વર્ષ | ૨૦૨૧ |
| તારીખ | ૭ | માહે | મે | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ અમીત આર ગોધાણી એડ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................... | |
| શેરોની નકલ કરવા માટે ફી.............................................. | |
| ટપાલ ખર્ચ............................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )................................ | |
| શોધ અગર તપાસણી............Year: 1992 1998 | ૮૦.૦૦ |
| દંડ કલમ-૨૫.......................................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).................................................. | |
| નકલ ફી ફોલીયો..................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................................ | |

| કુલ એકંદરે રૂ. | ૮૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એંશી પુરા

દસ્તાવેજ

----------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------------- આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-1 (CITY)
રાજકોટ સબ રજીસ્ટ્રારની (શહેર)
સત્યમેવ જયતે
રાજકોટ-૧ (સીટી)

B. K. CHAVADA
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

અંકે રૂ. : 80.00

20210506486940367

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 1

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં.63/2 ટી.પી.નં.4 એફ.પી.નં.773 પૈકી પ્લોટ નં.1 નંદ બસેરા

Search in : રૈયા-1 /RAIYA-1

| પહોંચ નંબર | ૨૦૨૧૦૨૫૦૦૮૩૬૯ | અરજી નંબર | ૪૩૭૬ | અરજી વર્ષ | ૨૦૨૧ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૬ | માહે | મે | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ અમીત આર.ગોધાણી (એડ.) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................... | |
| શેરોની નકલ કરવા માટે ફી............................................ | |
| ટપાલ ખર્ચ.............................................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................... | |
| શોધ અગર તપાસણી............Year: 1998 2021 | ૨૫૦.૦૦ |
| દંડ કલમ-૨૫........................................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )................................................... | |
| નકલ ફી ફોલીયો....................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................................... | |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-4 (RAIYA) / રાજકોટ સબ રજીસ્ટ્રારનો સિક્કો રાજકોટ-૪ (રૈયા)

| કુલ એકંદરે રૂ. | ૨૫૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો પચાંસ પુરા

દસ્તાવેજ

——————— ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ——————— આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

V.V. Chavda
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 4

અંકે રૂ. : 250.00

20210506637660915

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 4